# પેપરલીક કૌંભાડમાં ૬ની ધરપકડ

## બિન સચિવાલય પેપર લીક કૌભાંડમાં દાણીલીમડાના એક શાળાના સંચાલક, આચાર્ય, સુપરવાઈઝર સહિત ૬ પકડાયા : મુખ્ય સૂત્રધાર તલાટી પ્રવિણદાન ફરાર


Rambhai Gadhvi


Fakruddin Ghadiyari


Vijendrasinh Vaghela


Dipak Joshi


Faruk kureshi


Lakhvindrasingh Siddhu

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત તા.૧૬-૧૧-૧૯ ના રોજ લેવાયેલી બિન સચિવાલય કલાર્કની પરિક્ષા રાજય સરકાર દ્વારા રદ કરાઈ છે. હજ્જારો ઉમેદવારોએ પરિક્ષામાં ગેરરીતી થઈ હોવાના આક્ષેપ સાથે આંદોલન ચલાવ્યું હતું. ત્યારે પેપરલીક કૌંભાડનો પર્દાફાશ ગાંધીનગર પોલીસે કર્યો છે. ગાંધીનગર પોલીસે પેપરલીક સંદર્ભે સંડોવાયેલા ૬ આરોપીની ધરપકડ કરી છે, જયારે એક આરોપી વોન્ટેડ છે. જયારે અમદાવાદની દાણીલીમડા ખાતેની એક શાળામાંથી પેપરલીક થઈ હતું. પકડાયેલા આરોપીમાંથી એક આરોપી કોંગ્રેસનો કાર્યકર છે, તો બીજીતરફ સ્કુલ સંચાલકો દ્વારા આખુ કૌંભાડ થયું હોવાનું બહાર આવ્યું છે. જયારે શાળા સંચાલકો સામે પણ તપાસ શરુ કરાઈ છે. જયારે બિન સચિવાલય પેપરલીક કૌંભાડનો મુખ્ય સુત્રધાર પ્રવિણદાન ગઢવી હોવાનું સામે આવ્યું છે.

### આરોપીના નામ

- પ્રવિણદાન શિવદાન ગઢવી રહે. સાઈનસુપર વંદેમાતરમ ગોતા (ફરાર)
- મહંમદ ફારૂક અબ્દુલ વહાબ કુરેશી રહે. ચિરાગપાર્ક દાણીલિમડા
- વિજેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા રહે. નવી પોલીસલાઈન રાયખડ
- ફકરૂદિન હૈદરભાઈ ઘડીયારી રહે. બુરહાની પાર્ક વટવા
- દિપકભાઈ પિરાભાઈ ઉર્ફે પરેશભાઈ રાજાભાઈ જોશી રહે. દુલારી એપાર્ટમેન્ટ આણંદ
- લખવિંદરસિંગ ગુરનામસિંગ સીધુ રહે. એએમટીએસ સ્ટાફ કવાટર્સ જમાલપુર
- રામભાઈ નરેશભાઈ ગઢવી રહે. અખાડા વિસ્તાર પાલીતાણા

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ બિન સચિવાલય કલાર્કની પરિક્ષાના સમયે તા. ૧૬-૧૧-૧૯ ના રોજ પ્રવિણદાન ગઢવી દાણીલીમડા ખાતે આવેલ એમ.એસ.પબ્લીક સ્કુલ ખાતે ગયો હતો અને શાળાના સંચાલક ફારુકભાઈ અને શાળાના આચાર્ય વિજેન્દ્રસિંહ વાઘેલાનો સંપર્ક કર્યો હતો. જયારે શાળાના આચાર્ય વિજેન્દ્રસિંહ વાઘેલા પોતે પણ કલાર્કની પરિક્ષાના પરિક્ષાર્થી હતા અને પોતે રજા ઉપર હોવા છતા તોઓને જે શાળામાં પરિક્ષા આપવાની હતી તે જગ્યાએ જતા પહેલા એમ.એસ.પબ્લીક સ્કુલ ખાતે હાજર રહ્યા હતા. જયારે ફારૂકભાઈના કહેવાથી પ્રવિણદાન ગઢવીને શાળામાં પ્રવેશ આપીને ટ્રસ્ટીની ઓફિસની બાજુમાં આવેલી ઓફિસમાં બેસાડ્વામા આવ્યો હતો. જયા વિજેન્દ્રએ એમ.એસ.સ્કુલના શિક્ષક ફકરૂદિન હૈદરભાઈ ઘડીયારીની પરિક્ષાના દિવસે સુપરવાઈઝર તરીકે નિમણુંક હતી તેમને બોલાવી ટ્રસ્ટીની ઓફિસમાં પડેલા સીલબંધ પરિક્ષાના પેપરોમાંથી એક પેપર કાઢી બાજુની ઓફિસમાં બેઠેલા પ્રવિણદાન ગઢવીને આપવા માટે કહ્યું હતું. જેને પગલે ફકરૂદિન ઘડીયારી ટ્રસ્ટીની ઓફિસમાં ગયા હતા અને ત્યાં પડેલા બંડલ પૈકી એક બંડલને કટરની મદદથી ખોલીને તેમાંથી એક પેપર કાઢીને બાજુની ઓફિસમાં બેઠેલા પ્રવિણદાનને આપ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# સરકારે નિયમો કડક કરતા શહેરની શાળાઓએ સ્કુલ પ્રવાસ પડતો મુકયો

## કેટલીક શાળાઓએ પ્રવાસનુ આયોજન રદ કરી શાળા કક્ષાએ પાર્ટી સેલિબ્રેટ કરવાનુ નક્કી કર્યુ

ગાંધીનગર તા ૨૫

અમદાવાદની શાળાએ સુરત પાસે રીસોર્ટમાં પ્રવાસનુ આયોજન કરાયુ હતુ. રીસોર્ટની રાઈડમાં બેદરકારીના લીધે ગંભીર દુર્ઘટના બની હતી. જેમાં એક વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હતો. જયારે પ્રવાસની બસને અકસ્માત સહીત વિદ્યાર્થીઓને ફુડ પોઈઝનીંગ સહીતના કીસ્સાઓના લીધે ગાંધીનગર શહેર જિલ્લાની ઘણી ખાનગી શાળાઓએ આ વર્ષે પ્રવાસનુ આયોજન કર્યુ નથી. દુર્ઘટના ઉપરાંત સરકારે પણ ઘણી મંજુરી ફરજિયાત કરવાની સાથે ઘણા નિયમો પણ ફરજિયાત કરી દીધા છે.જેના લીધે પણ હવે સ્કુલ સંચાલકો પણ પ્રવાસનુ આયોજન કરતા અટકી ગયા છે.

આ વર્ષ પહેલા સુરત વિસ્તારની એક ખાનગી શાળાના પ્રવાસ દરમિયાન પ્રવાસ બસ ખાઈમાં પડી હતી.જયારે આ દુર્ઘટનામાં ઘણાં વિદ્યાર્થીઓના મોત નિપજયા હતા. જેના લીધે સંવેદનશીલ સરકારે પ્રવાસની બસને રાત્રિના મુસાફરી નહી કરવા નિર્ણય લીધો હતો તેમછતા ઘણી શાળાઓ દ્વારા આંતર રાજય પ્રવાસોનુ આયોજન કરવામાં આવતુ હતુ. જેમાં રાત્રિ મુસાફરી કરવામાં આવતી હતી. ત્યારે છેલ્લા એક વર્ષ દરમિયાન પ્રવાસની બસને અકસ્માત સહીત વિદ્યાર્થીઓને પણ અકસ્માત સમયે દુર્ઘટના નડતી હતી. જેના લીધે આ વખતે ઘણીબધી સ્કુલના સંચાલકોએ અગાઉ બેઠક કરીને

● અનુસંધાન પાન-૭ પર

# મહિલા અગ્રણી અને નિવૃત એડીશનલ ડીસ્ટ્રીકટ જજ રેખાબેન પટેલનુ અવસાન

ગાંધીનગર તા ૨૫

નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર એમ ડી પટેલના પત્ની નિવૃત એડી ડિસ્ટ્રીકટ જજ રેખાબેન



મુકેશકુમાર પટેલનુ દુખદ અવસાન થયુ છે. રેખાબેનો વકીલાત ઉપરાંત નગરની વિવિધ સંસ્થાઓ સહીત સહકારી અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ સેવા પુરી પાડી હતી. તેમને વર્ષ ૨૦૧૫ દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રીએ મહીલા શકિત એવોર્ડ પણ એનાયત કર્યો હતો. તેમના અવસાનથી નગરના મહીલા મંડળો તેમજ સમાજના સભ્યો સહીત વકીલોએ પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે.

ગાંધીનગર ખાતે વર્ષ ૧૯૮૬ થી વકીલાતની શરૂઆત કરી હતી. પ્રથમ મહીલા બાર ઉપપ્રમુખ તરીકે પણ રહ્યા હતા. જયારે જેસીરેટ વીંગની પણ સ્થાપના કરી હતી. તેમણે જુનિયર ચેમ્બર દ્વારા વર્ષ ૧૯૯૭ માં સ્પેશ્યલ એચિવમેન્ટ એવોર્ડ પણ મેળવ્યો હતો. જયારે ગાંધીનગર ખાતે જિલ્લાની પ્રથમ ઋષિકા મહીલા બેન્કની સ્થાપના પણ કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર સેસન્સ કોર્ટના પ્રથમ સરકારી વકીલ તરીકે ત્રણ વર્ષ સેવા આપી હતી. વર્ષ ૨૦૦૪ થી વર્ષ ૨૦૧૦ સુધી એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ તરીકે હીંમતનગર તથા સીટી સિવિલ કોર્ટ અમદાવાદમાં સેવા પુરી પાડી હતી. વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૭ સુધી અમદાવાદ હાઈકોર્ટ ખાતે સરકારી વકીલ તરીકે સેવા આપી હતી. જયારે વર્ષ ૨૦૧૫ દરમિયાન તેમને તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મહીલા શકિતનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ નગરની અનેક સહકારી તેમજ સામાજિક સેવા પ્રવૃતિ સાથે પણ સંકળાયેલા હતા.ગ્રાહક હીત સુરક્ષા ,નારી સંરક્ષણ ગૃહ, લાયોનેસ કલબ સાથે મળીને પણ તેમણે સેવા પુરી પાડી હતી. જયારે જી આઈ ડી સી , ગુજરાત મહીલા આર્થિક વિકાસ નિગમ, મેરી ટાઈમ બોર્ડ સહીતના બોર્ડ કોર્પોરેશનમાં પેનલ એડવોકેટ તરીકેની સેવા પણ પુરી પાડી હતી. સદગતનુ બેસણુ તા ૨૮ ડિસેમ્બરના રોજ સે-૭ સી ખાતે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની વાડી ખાતે સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન રાખવામાં આવ્યુ છે.

**વર્ષ ૨૦૧૫ માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહિલા શકિત એવોર્ડ એનાયત કર્યો હતો**

# જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના રિસ્ટ્રકચરીંગનો મુદ્દો પુનઃ અભેરાઈએ

ગાંધીનગર, તા.૨૫

જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના રિસ્ટ્રકચરીંગનો મુદ્દો તંત્રની અભેરાઈએ ચડી જવા પામ્યો છે.

જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠકમાં તત્કાલીન કલેકટર એસ.કે. લાંગાએ આ અંગેની સૂચના આપી હતી પંરતુ પ્રશ્નને તે પછી ટાળવામાં તંત્ર સફળ રહ્યું હતું.

**સુઘડને અમદાવાદ સાથે જોડવાની હિલચાલ પછી પણ તંત્રની ઉદાસીનતા હજુ ઉડી નથી**

આ પછી નવા કમિશનર તરીકે હાજર થયેલા શિવહરે એ જયારે સુઘડ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી ત્યારે પણ જિલ્લાના અધિકારીઓને સ્પષ્ટ તાકીદ કરી હતી પરંતુ આ વાત પણ હવે વિસરાઈ જવા પામી છે. અને નવું નાણાંકીય વર્ષ શરૂ થવા આવવાની આડે ત્રણ મહિના બાકી છે એટલે નાણાંકીય લક્ષ્યાંકો અને ભૌતિક લક્ષ્યાંકોમાં તંત્ર અટવાઈ જશે.

જિલ્લામાંસઘુડ પ્રા.આ. કેન્દ્રના વિસ્તારમાં વધેલા વસ્તીના ભારણને લઈ ત્યાંના કર્મયોગીઓ જેટલું ધ્યાન આપવું જોઈએ તે આપી શકતા નથી. આ વિસ્તાર માટે વારંવાર રજુઆતો પછી પણ તંત્ર કોઈ જ વાત ધ્યાન ધરવા તૈયાર હોય તેમ લાગતું નથી. સુઘડને હવે અમદાવાદ કોર્પોરેશનની હદમાં સમાવવાની હિલચાલ શરૂ થઈ ગઈ છે પણ તંત્ર પ્રા.આ. કેન્દ્રોના રિસ્ટ્રકચરીંગને લઈ મગનું નામ મરી પાડવા તૈયાર નથી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કુડાસણને પ્રા.આ. કેન્દ્ર આપવામાં આવે તેવો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો પરંતુ સરકારે એ પહેલાં તેની માંગ નકારી હતી. હવે જિલ્લાના પ્રા.આ. કેન્દ્રોનું રિસ્ટ્રકચરીંગ કરવાનો સમય પાકી ગયો છે. પરંતુ તંત્ર હવે આ કામગીરી અને દરખાસ્ત કયારે કરશે તેને લઈ એક મોટો પ્રશ્નાર્થ છે.

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારો એટલા ઝડપથી વિકસી રહ્યા છે અને જે રીતે વસ્તીનું ભારણ વધી રહ્યું છે તે જોતાં રિસ્ટ્રકચરીંગનું કામ ઝડપથી થાય તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

# પંચાયત પરિષદની બેઠકમાં શાળાઓ અને ગામડાઓને ભેળવવાનો મુદ્દો છવાયેલો રહેશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની આગામી ૨૮મીએ મળનારી કારોબારી બેઠકમાં મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રામીણ વિસ્તારોને જોડવા અંગે તેમજ પ્રાથમિક શાળાઓના એકીકરણના મુદ્દાઓ છવાયેલા રહેશે.

પંચાયત પરિષદની બેઠક આ વખતે દ્વારકા ખાતે મળવાની છે. સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓના સ્તર સુધારવાને બદલે સંખ્યાનું કારણ આગળ ધરી તેનું એકીકરણ કરવાની ચાલી રહેલી કામગીરી અંગે આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકમાં તાજેતરમાં સરકારે વિવિધ મહાનગરપાલિકા વિસ્તારની વર્તમાન હદમાં ગ્રામ્ય વિસ્તાર ભેળવવાના પ્રયાસો જે હાથ ધર્યા છે તેમાં પંચાયત અધિનિયમની જોગવાઈઓને અનુસરવામાં આવે અને ગ્રામીણ વિસ્તારના રહીશોની ઈચ્છા પણ જાણવી જરુરી છે તેવું સ્પષ્ટ જણાવાયું છે. ત્યારે સરકાર ગામડાઓને આબાદ બનાવવાને

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ભાવભરી શ્રધ્ધાંજલી






સ્વ. કીર્તિભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા
સ્વ. ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા
(વૃન્દાવન સ્વીટ્સ એન્ડ નમકીન)

જીવન સદા એવું જીવ્યા કે, હંમેશા સૌનાં માર્ગદર્શક રહ્યા,
કર્મ સદા એવા કર્યાં કે, સૌનાં હૃદયમાં વસી ગયા,
ધર્મ કદી ભૂલ્યાં નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.
મન નથી માનતું કે, તમે અમારી વચ્ચે નથી,
આપનું સાદગીભર્યું જીવન, અમે કદી ભૂલીશું નહીં
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે
એ જ પ્રાર્થના....

ગાંધીનગર જિલ્લા મીઠાઈ-ફરસાણ એસોસિએશન
પ્રમુખ : કૌશિકભાઈ બી. સુખડીયા ● મંત્રી : દિલીપભાઈ એન. સુખડીયા
તથા તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો

આમંત્રણ



અમદાવાદ શહેરના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા
**હેડ કોન્સ્ટેબલ, ઉમદા પોલીસ કર્મચારી** તરીકે અને
**ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન** દ્વારા ગુજરાત પોલીસને ગૌરવ અપાવનાર
**સ્વ. રાહુલભાઇ પરમારને શ્રધ્ધાંજલી અર્પવા**
વોલીબોલની વિશેષ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વ. રાહુલભાઇ પરમાર મેમોરિયલ વોલીબોલ ચેમ્પિયનશીપ ૨૦૧૯

ઉદ્દઘાટક
શ્રી પીયૂષ પટેલ
ઇન્ચાર્જ અધિક પોલીસ મહાનિદેશક, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

મુખ્ય અતિથિ
શ્રી મયંકસિંહ ચાવડા
પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ, ગુજરાત રાજ્ય

મુખ્ય અતિથિ
શ્રી રાજેન્દ્ર અસારી
પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય

મુખ્ય અતિથિ
શ્રી મનોજ નિનામા
પોલીસ અધિક્ષક, લાજપોર મધ્યસ્થ જેલ, સુરત

અતિથિ વિશેષ
શ્રી મયુર ચાવડા
પોલીસ અધિક્ષક, ગાંધીનગર જીલ્લો

અતિથિ વિશેષ
શ્રી હરપાલસિંહ જાડેજા
સેનાપતિશ્રી, રાજ્ય પોલીસ અનામત દળ, ગ્રુપ-૧૨, ગાંધીનગર

સ્થળ : રાજ્ય અનામત પોલીસ પોલીસ દળ, ગ્રુપ-૧૨, સેક્ટર ૨૭, ગાંધીનગર

ઉદ્દઘાટન
તા.૨૮-૧૨-૨૦૧૯, શનિવાર સવારે ૯.૦૦ કલાકે

આ ચેમ્પિયનશીપમાં દેશની વોલીબોલ ટીમનું પ્રતિનિધિત્વ કરેલ હોય તેમજ નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તેવા ખેલાડીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે. આ પ્રસંગે આપશ્રી ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારવા ભાવભર્યું આમંત્રણ છે.

નિમંત્રક
રાજેશ જાની તથા સ્વ. રાહુલ પરમારના મિત્રજનો તથા પોલીસ પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com